**ઇ-મેઇલ દ્વારા**

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૧૯૦/૨૩, તા.૨૪/૦૪/૨૦૨૩

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૧૭/૦૪/૨૦૨૩ થી તા.૨૩/૦૪/૨૦૨૩ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.વી.ડામોર )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

ભાવનગર બોરતળાવ પોલીસ દ્વારા ભુલા પડેલ પરીક્ષાર્થી પ્રત્યે સંવેદનશીલતા દાખવી અને પોલીસનો માનવતા વાદી અભિગમ દર્શાવી તેઓને PCR -8 મોબાઇલમાં સમયસર પરીક્ષાના સેન્ટર વિશુદ્ધાનંદ વિદ્યાલય ખાતે પહોંચાડી પ્રશંસનીય કામગીરી કરતી ભાવનગર પોલીસ.

પોલીસ મહાનિરીક્ષક શ્રી ભાવનગર રેન્જ તથા પોલીસ અધિક્ષક શ્રી ભાવનગર દ્વારા પ્રજા પ્રત્યે માનવતા વાદી અભિગમ તથા સંવેદનશીલતા દાખવવા અંગેની સૂચનાઓ થઈ આવેલ હોય જે સુચનાઓનું પાલન કરવા તેમજ માનવતા આ વાદી અભિગમ દર્શાવવા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ભાવનગર વિભાગ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બોર તળાવ પોલીસ સ્ટેશન દ્વારાઓ પણ સૂચનાઓ થયેલ હોય અન્વયે આજરોજ 03/04/ 2023 ના રોજ ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ ગાંધીનગર દ્વારા લેવાનાર ગુજકેટ એક્ઝામ બંદોબસ્ત દરમિયાન પરીક્ષાર્થી રુદ્રભાઈ ઘનશ્યામભાઈ જાદવ તેઓની એક્ઝામ આપવા ઉમરાળા ગામથી અત્રે ભાવનગર આવેલા હોય જેઓની એક્ઝામ વિશુદ્ધાનંદ વિદ્યામંદિર વિદ્યાનગર ભાવનગર ખાતે આવેલ હોય જેઓ ભૂલથી ઝવેરભાઈ ની વાડી ખાતે આવેલ વિદ્યાવિહાર હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપવા માટે પહોંચી ગયેલ હોય જેઓને સમયનું મોડું થઈ શકે તેવી શક્યતા હોય ભાવનગર બોર તળાવ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ શ્રી રામદેવસિંહ દેવુભા જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ શ્રી નીતિનભાઈ સોલંકી તેમજ હોમગાર્ડ ના જવાન કલ્પેશભાઈ મકવાણા તેઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવી અને પોલીસનો માનવતા વાદી અભિગમ દર્શાવી તેઓને PCR -8 મોબાઇલમાં સમયસર પરીક્ષાના સેન્ટર વિશુદ્ધાનંદ વિદ્યાલય ખાતે પહોંચાડી પ્રશંસનીય કામગીરી બજાવેલ



ભારતીય બનાવટનાં ઇંગ્લીશ દારૂની બોટલ નંગ-૩૫૭૬ કિ.રૂ.૧૨,૫૦,૪૬૦/- સહિત કુલ રૂ.૧૬,૬૧,૪૬૦/-નાં મુદ્દામાલ સાથે એક ઇસમને ઝડપી પાડતી ભાવનગર,લોકલ ક્રાઇમ બ્રાન્ચ તથા પેરોલ ફર્લો સ્કવોડ



